આજે ડાયાબીટીસ કે

અમદાવાદની આઈઆઈએમ ખાતે બે દિવસની અનોખી પાઠશાળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સમગ્ર ભારતમાં બદલાતી જતી જીવનશૈલીને કારણે વધતા જતા ડાયાબીટીસના દર્દીઓ માટે એક અનોખી બે દિવસીય પાઠશાળાનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં ડાયાબીટીસના દર્દીઓની શંખ્યામાં છેલ્લા બે વર્ષમાં સારો એવો વધારો જોવા મળ્યો છે. આજે વિશ્વ ડાયાબીટીસ દિનની ઉજવણીના વિવિધ કાર્યક્રમો રાજયભરમાં યોજાવાના છે. જેમાં અમદાવાદ ખાતેનો આ કાર્યક્રમ અનોખો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના તબીબો પણ મોટી સંખ્યામાં હાજરી આપનાર છે.

આધુનિક સમયમાં ડાયાબીટીસ સવિશેષ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે પણ તેને રોકવામાં આરોગ્ય શિક્ષણ એ જ મુખ્ય અને મહત્વનું હથીયાર છે. સમગ્ર ભારતમાં આશરે ૩.૫ કરોડ ડાયાબીટસના દર્દીઓ છે. જે ૨૦૩૦ સુધીમાં આશરે ૮ કરોડ લોકો તેનો ભોગ બનશે. શહેરીકરણના કારણે ગુજરાતમાં દર્દીઓની સંખ્યા શહેરી વિસ્તારમાં આશરે ૧૩ ટકા છે. તેમજ સમગ્ર ગુજરાતમાં આશરે ૪૦ લાખ ડાયાબીટીસના દર્દીઓ છે. ડાયાબીટીસને રોકવા અને તેને અટકાવવા માટે ખાસ મેદસ્વીપણુ, શ્રમનો અભાવ, આહારની કુટેવ, ફાસ્ટ ફુડ, જંક ફુડ તેમજ વારસાગત, જીનેટીકલ ફેક્ટર્સ-પરીબળો અને જન્મ સમયે બાળકનું ઓછુ વજન આ સમગ્ર પાસાને ધ્યાનમાં લઈ ડાયાબીટીસ-૨૦૧૩ કાર્યક્રમમાં શ્રમ અને કસરત, આહાર-યોગ્ય આહારની જાણકારી તેમજ ડાયાબીટીસ વિશેની વિસ્તૃત જાણકારીને મહત્વ આપતા મફત ડાયાબીટીસની તપાસ, આહાર અંગે પ્રદર્શન અને નિદર્શન, લોક જાગૃતિ માટે ડાયાબીટીસ વિશે પ્રદર્શન તથા દર્દીઓની સમજને સન્માન કરતા ઈનામ પણ આપવામાં આવશે. (ક્વિઝ કોમ્પીટીશન) તે ઉપરાંત નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા ડાયાબીટીસ વિશે માહિતી જેવી કે ડાયાબીટીસ અને હૃદય, ડાયાબીટસ અને કીડની, ડાયાબીટીસ અને આંખ, ડાયાબીટીસમાં પગની સંભાળ, સગર્ભાવસ્થામાં ડાયાબીટીસ, ડાયાબીટીસ અને ડીપ્રેશન, ઈન્સ્યુલીન માટેનું જીવંત માર્ગદર્શન, ડાયાબીટીસ અને આહાર, ડાયાબીટીસ અને વ્યાયામ, ડાયાબીટીસ અને સ્પોર્ટસ, ડાયાબીટીસમાં ચામડીના રોગો, ડાયાબીટીસમાં દાંત અને પેઢાના રોગો, ડાયાબીટીસમાં જ્ઞાનતંતુને અસર, નપુસંકતા અને ડાયાબીટીસ જેવાં ડાયાબીટીસને લગતા વિષય પર પ્રવચન આપવામાં આવશે.

ડાયાબીટીસ-૨૦૧૩ કાર્યક્રમ સેન્ટર ફોર એન્ડોકાઈન ડીસીઝ એન્ડ ડાયાબીટીસ અને કોમ્યુનિટી હેલ્થકેર ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ ડેવલોપમેન્ટલ એક્ટિવીટીઝ સોશીયલ સર્વિસીસ એન્ડ રીસર્ચ ટ્રસ્ટના સહયોગથી તથા હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના ચેરમેન એન્ડ મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. નીતીન સુમન્ત શાહ અને મનપસંદ બેવરેજના ડાયરેક્ટર શ્રી ધરેન્દ્રસિંહના કો-સ્પોન્સરસીપના આર્થિક સહયોગથી તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, ગુજરાત યુનિવર્સિટી, એન.એચ.એલ. યુનિ. મેડીકલ કોલેજ (શેઠ વી.એસ. હોસ્પિટલ)ના સહકારથી કાર્યક્રમ થઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં પ્રમુખસ્થાને શ્રી પરબતભાઈ પટેલ રાજય કક્ષાના મંત્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ અને વાહન વ્યવહાર ગુજરાત રાજય, શ્રી મીનાક્ષીબેન પટેલ - મેયર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન, ડૉ. મુકુલ શાહ- કાર્યકારી કુલપતી, ગુજરાત યુનિવર્સીટી, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ - ચેરમેન, સ્ટેન્ડીંગ કમીટી (અ.મ્યુ.કો.)., ડૉ. સુરેશભાઈ પટેલ ચેરમેન હોસ્પિટલ કમીટી (અ.મ્યુ.કો.), ડૉ. વિષ્ણુભાઈ પટેલ - કન્વીનર ડૉક્ટર સેલ, ગુજરાત પ્રદેશ ભાજપ, તેમજ ડૉ. નીતીન સુમન્ત શાહ - ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી - હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, શ્રી આર.એન. પટેલ - પૂર્વ આરોગ્ય સચિવ , ધારાસભ્ય અને ડૉ. પંકજ પટેલ - ડીન, એન.એચ.એલ. મ્યુનિ. મેડીકલ કોલેજ ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આ કાર્યક્રમમાં ડૉ. સુનીલ થાનવી (કાર્ડીયોલોજીસ્ટ), ડૉ. અપૂર્વ પારેખ (નેફ્રોલોજીસ્ટ), ડૉ. પ્રવિણ જોષી (ન્યૂરોલોજીસ્ટ), ડૉ. લક્ષ્મણ દત્ત (સાયકીયાટ્રીસ્ટ), ડૉ. અશોક રૂઘાણી (સેક્સોલોજીસ્ટ), ડૉ. ફાલ્ગુન આચાર્ય (પેરીડોન્ટીફટ), ડૉ. વિષ્ણુભાઈ પટેલ (ડરમેટોલોજીસ્ટ), ડૉ. પરેશ રૂપારેલ (ડાયાબીટીસ ફુડ સર્જન), ડૉ. મેઘા પટેલ અને ડૉ. આલાપ શાહ (ફીઝીયો-થેરાપીસ્ટ), શ્રી એ.પી. કુમાર (યોગા ઈન્સ્ટ્રક્ટર) ખાસ વક્તવ્ય આપશે.

આ કાર્યક્રમમાં વિષય તજજ્ઞ તરીકે ડૉ. ઓ.પી. ગુપ્તા (પૂર્વ ડાયરેક્ટર - આરોગ્ય વિભાગ, ગુજરાત રાજ્ય), ડૉ. પ્રેમલ ઠાકોર, ડૉ. એસ.ટી. મલ્હાન, ડૉ. આર.સી. શાહ, ડૉ. પ્રફુલ્લ શાહ ઉપસ્થિત રહેશે. ઓર્ગેનાઈઝીંગ કમીટીના સભ્યો ડૉ. વિવેક આર્યા, ડૉ. જગદીશચંદ્ર દાફડા, ડૉ. અનેત યાદવ, ડૉ. જ્ઞાનેન્દ્રસિંહ, ડૉ. મનીષા આર્યા, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. મિલિન્દ પ્રકાશકર, ડૉ. સ્મિતેષ દત્ત, આહાર નિષ્ણાંત સંગીતા મહેતા, ડાયેટીશ્યન અવની ખત્રી અને કેવીન માલવીયાની ટીમ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત કરી રહેલ છે.

કચ્છ રણમાં તેનાત જવાનોને નર્મદાનું પાણી ઉપલબ્ધ થયું

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતને પાકિસ્તાનની સરહદ સાથે જોડાતા કચ્છ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરદહ પર અલગ અલગ સુરક્ષા દળોના થાણા અને ચોકીઓ આવેલ છે. દેશની સુરક્ષા કાજે ૨૪ કલાક ખડે પગે ફરજ બજાવતા આ જવાનોને પીવાનું પાણી પુરતા પ્રમાણમાં મળી રહે તેટલું જ નહિં ગુણવત્તાવાળું પાણી મળી રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડે ભગીરથ કાર્ય કર્યું છે તેવું બોર્ડના સભ્ય સચિવ મહેશસિંગે જણાવ્યું છે.

મહેશસીંગે વધુમાં જણાવ્યું હતું કે કચ્છ જિલ્લામાં આવેલ ધરમશાળા, શક્તિબેટ, કરીમશાહી, વિદ્યાકોટ, બાવરલાબેટ, બીઆર બેટ જેવા દુર ઉંડાણ વિસ્તારમાં આવેલા થાણામાં ફરજ બજાવતા જવાનોને પાણીની સુવિધા માટે રૂા. ૮.૪૦ કરોડના ખર્ચે નવી ૨૭.૫ કી.મી. લાંબી પાઈપ લાઈન નાખવામાં આવી છે આ પાઈપલાઈનથી આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા થાણાઓનો કુકમાંથી ૧૨૫ કી.મી. દુર છેક ધરમશાળા સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. બોર્ડ દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીથી સુરક્ષા દળોને નિયમિત અને વિક્ષેપ વગર પાણી પુરવઠો મળી રહે છે. એટલું જ નહીં પીવાના પાણીના સંગ્રહ માટેના ટાંકાઓ દરેક સુરક્ષા થાણાઓ બાંધવામાં આવેલ છે. તેમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે.

Gujarat State Petronet Limited

Regd office : GSPC Bhavan, Sector 11, Gandhinagar - 382 010.

Part I - STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER 2013 (Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results					
		3 months ended			Half year ended		Year ended
		30.09.2013 (Unaudited)	30.06.2013 (Unaudited)	30.09.2012 (Unaudited)	30.09.2013 (Unaudited)	30.09.2012 (Unaudited)	31.03.2013 (Audited)
1	Income from Operations						
	a) Net Sales/Income from Operations	27,695.41	28,606.85	27,317.15	57,301.46	54,616.77	116,326.89
	b) Other Operating income	47.50	73.82	406.47	117.50	652.47	1,291.15
	c) Total Income from Operations	27,742.91	28,675.85	27,723.62	57,418.96	54,727.24	117,326.05
2	Expenses						
	a) Employee benefit expenses	515.59	673.95	598.86	1,189.50	1,005.19	2,471.01
	b) Depreciation & amortisation expense	4,697.86	4,577.83	4,649.83	9,275.69	9,034.19	19,610.84
	c) Operation & Maintenance expense	1,541.57	1,541.17	1,017.83	3,082.74	2,195.86	5,136.48
	d) Other expenses	556.77	452.83	532.28	1,009.60	1,022.95	2,510.05
	e) Total expenses	7,311.89	7,274.17	6,797.82	14,586.03	13,258.19	29,728.38
3	Profit/(Loss) from operations before other income, finance cost and exceptional items (1-2)	20,431.06	22,401.68	20,925.79	42,832.94	41,469.09	88,591.67
4	Other Income	1,360.31	1,315.16	1,893.60	2,675.47	3,365.61	6,594.46
5	Profit/(Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4)	21,791.37	23,717.84	22,819.39	45,508.41	44,834.74	95,186.13
6	Finance cost	3,670.72	3,798.36	3,155.00	7,469.11	6,328.89	12,625.60
7	Profit/(Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6)	18,120.65	19,919.48	19,664.39	38,039.30	38,505.85	82,570.53
8	Exceptional items	-	-	-	-	-	-
9	Profit/(Loss) from ordinary activities before tax (7+8)	18,120.65	19,919.48	19,664.39	38,039.30	38,505.85	82,570.53
10	Tax Expense	6,714.28	7,291.96	6,393.99	14,006.24	12,743.72	28,798.27
	- Income Tax	5,822.43	6,454.12	5,371.32	12,276.55	11,008.27	23,526.47
	- Deferred Tax	891.85	837.46	1,022.67	1,729.31	2,132.45	5,231.80
11	Net Profit/(Loss) from ordinary activities after tax (9-10)	11,406.37	12,627.89	13,269.40	24,033.46	25,762.13	53,772.26
12	Extraordinary items (net of tax expenses)	-	-	-	-	-	-
13	Net Profit/(Loss) for the period (11-12)	11,406.37	12,627.89	13,269.40	24,033.46	25,762.13	53,772.26
14	Paid-up Equity Share Capital (face value of Rs. 10/-each)	56,273.09	56,271.84	56,270.62	56,273.09	56,270.62	56,270.98
15	Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year	-	-	-	-	-	237,786.00
16 i	Earnings per share (EPS) before Extraordinary items						
	a) Basic EPS (Rs.)	2.03	2.24	2.36	4.27	4.58	9.56
	b) Diluted EPS (Rs.)	2.03	2.24	2.36	4.27	4.58	9.56
	(face value of Rs. 10/-each)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	
16 ii	Earnings per share (EPS) after Extraordinary items						
	a) Basic EPS (Rs.)	2.03	2.24	2.36	4.27	4.58	9.56
	b) Diluted EPS (Rs.)	2.03	2.24	2.36	4.27	4.58	9.56
	(face value of Rs. 10/-each)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	(not annualised)	

Part II

Sr. No.	Particulars	3 months ended			Half year ended		Year ended
		30.09.2013	30.06.2013	30.09.2012	30.09.2013	30.09.2012	31.03.2013
A	Particulars of Shareholding						
1	Public Shareholding						
	- Number of Shares	350,429,660	350,413,138	350,396,270	350,429,660	350,396,270	350,403,960
	- Percentage of Shareholding	62.27%	62.27%	62.27%	62.27%	62.27%	62.27%
2	Promoters and Promoter Group Shareholding						
	a) Pledged / Encumbered						
	- Number of shares	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	- Percentage of shares (as a % of the total shareholding of promoter and promoter group)	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	- Percentage of shares (as a % of the total share capital of the Company)	Nil	Nil	Nil	Nil	Nil	Nil
	b) Non - encumbered						
	- Number of shares	212,305,270	212,305,270	212,305,270	212,305,270	212,305,270	212,305,270
	- Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group)	100.00%	100.00%	100.00%	100.00%	100.00%	100.00%
	- Percentage of shares (as a % of the total share capital of the company)	37.73%	37.73%	37.73%	37.73%	37.73%	37.73%

Sr. No.	Particulars	3 months ended 30.09.2013
B	Investor Complaints	
	Pending at the beginning of the quarter	0
	Received during the quarter	79
	Disposed of during the quarter	79
	Remaining unresolved at the end of the quarter	0

SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER, 2013 (Rs. in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results					
		3 months ended			Half year ended		Year ended
		30.09.2013 (Unaudited)	30.06.2013 (Unaudited)	30.09.2012 (Unaudited)	30.09.2013 (Unaudited)	30.09.2012 (Unaudited)	31.03.2013 (Audited)
1	Segment Revenue (Net Sales / Income)						
	A. Gas Transportation	26,579.89	28,426.61	26,121.68	55,006.50	51,690.53	113,067.87
	B. Sale of Electricity	1,208.66	1,288.79	1,604.91	2,496.45	3,092.47	4,413.68
	Total	27,788.55	29,715.40	27,726.59	57,504.95	54,783.00	117,511.55
	Less: Inter-Segment Revenue	-	-	-	-	-	-
	Sales / Income from Operations	27,788.55	29,715.40	27,726.59	57,504.95	54,783.00	117,511.55
2	Segment Results: Profit/(Loss) before Interest and Taxes						
	A. Gas Transportation	20,668.27	22,666.17	21,014.05	43,354.44	41,655.87	91,034.02
	B. Sale of Electricity	374.81	465.29	620.96	840.10	1,143.28	481.43
	Total	21,043.08	23,131.46	21,634.66	44,194.54	42,799.15	91,515.45
	Less: (i) Interest and Financial Charges	3,675.72	3,798.39	3,155.06	7,469.11	6,328.89	12,625.60
	(ii) Other Un-allocable Expenditure	668.38	690.24	672.48	1,275.62	1,260.61	2,732.28
	Add: (iii) Other Un-allocable Income	1,313.87	1,275.62	1,856.92	2,589.49	3,316.10	6,412.96
	Total Profit before Tax	18,120.65	19,918.65	19,664.38	38,039.30	38,505.85	82,570.53
3	Capital Employed: (Segment Assets Less Segment Liabilities)						
	A. Gas Transportation	379,913.81	373,936.40	341,844.50	379,913.81	341,844.50	367,792.93
	B. Sale of Electricity	20,436.24	20,992.78	23,573.15	20,436.24	23,573.15	21,387.41
	C. Un-allocable	105,087.13	105,380.28	83,449.57	105,087.13	83,449.57	104,542.78
	Total	505,436.18	500,309.44	448,867.22	505,436.18	448,867.22	493,683.12

STANDALONE STATEMENT OF ASSETS AND LIABILITIES: (Rs. in Lakhs)

Sr. No.	Particulars	As at 30.09.2013 (Unaudited)	As at 31.03.2013 (Audited)
A	EQUITY AND LIABILITIES		
1	Shareholders' Funds:		
	a) Share Capital	56,273.09	56,270.98
	b) Reserves & Surplus	261,905.58	237,786.00
		318,178.67	294,057.78
2	Share application money pending allotment	-	-
3	Non-current liabilities		
	a) Long-term borrowings	120,070.18	133,896.99
	b) Deferred tax liabilities(net)	40,358.26	38,958.95
	c) Other long-term liabilities	2,166.82	1,786.21
	d) Long-term provisions	346.88	416.51
		163,006.14	174,757.66
4	Current liabilities		
	a) Trade payables	923.46	1,096.33
	b) Other current liabilities	47,724.89	48,737.58
	c) Short-term provisions	4,075.58	6,893.69
		52,723.93	56,727.77
	Total Equity and Liabilities	533,907.74	525,343.21
B	ASSETS		
1	Non-current assets		
	a) Fixed Assets	381,766.65	377,752.36
	b) Non-current investments	56,157.07	17,402.08
	c) Long term loans and advances	8,049.75	7,269.14
	d) Other non-current assets	73.16	894.56
		446,046.63	403,318.42
2	Current assets		
	a) Inventories	7,161.89	7,715.11
	b) Trade receivables	26,013.12	25,410.01
	c) Cash and cash equivalents	52,256.56	85,305.60
	d) Short-term loans and advances	567.67	2,053.68
	e) Other current assets	864.87	1,540.19
		87,861.11	122,024.79
	Total Assets	533,907.74	525,343.21

Notes:
1 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meetings held on 13th November, 2013.
2 Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
3 The statutory auditors have carried out a limited review of above results.
4 During the quarter, the Company has allotted 12,522 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2005.
5 The Gas volumes transported are as follows: (In MMSCM)

Year/period	Qtr 1	Qtr 2	Total
Financial Year 2013-14	2615.37	1846.76	3662.13
Financial Year 2012-13	2632.72	2831.06	5463.78

6 The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable.

Place : Gandhinagar
Date : 13th November, 2013

For, Gujarat State Petronet Limited
Tapan Ray, IAS
Managing Director

કંપની સમાચાર

તહેવારોની મોસમમાં ગુજરાતમાં નવી સ્કોડા ઓકટેવિઆ માટે ૧૦૦૦થી વધુ પૂછપરછ આવી

સ્કોડા ઓટો ઈન્ડિયાએ નવી ઓકટેવિઆ લોન્ચ કર્યા બાદથી ગુજરાતમાં તેને ૧૦૦૦થી વધુ પૂછપરછ મળી છે. ભારતમાં સ્કોડા બ્રાન્ડ રજૂ કરનાર ઓકટેવિઆની પ્રથમ આવૃત્તિની સફળતાને પગલે નવી ઓકટેવિઆ તેની સાઈઝ, સ્પેસ, આકર્ષણ ફિચર્સ અને નવી ડિઝાઈન સાથે ગ્રાહકોને આકર્ષવામાં સફળ રહી છે. ઓકટેવિઆની સફળતાની ઊજવણી પ્રસંગે શહેરમાં આવેલા સ્કોડા ઓટો ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર શ્રી સુધીર રાવે જણાવ્યું હતું કે, ગુજરાત તેમના માટે ખૂબ જ મહત્વનું બજાર છે અને તે એકંદર વોલ્યુમમાં ૧૦ ટકાનું યોગદાન આપે છે. ગુજરાતમાંથી ઓકટેવિઆને જે ઉત્સાહપૂર્ણ પ્રતિભાવ મળ્યો છે તેનાથી અમે ખૂબ જ ખુશ છીએ. આ બાબત પ્રોડકટમાં અમારા વિશ્વાસ અને બ્રાન્ડ પ્રત્યે ગ્રાહકોની વફાદારીના પુરાવારૂપ છે. ગ્રાહકોના અસાધારણ પ્રતિભાવે અમને આ પ્રકારની પ્રોડકટસ લાવવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

ટોર્ક ઓટોમોટિવ પ્રિન્સિપાલ ડિલર શ્રી કુરેન અમીને જણાવ્યું હતું કે, ઓકટેવિઆએ વર્ષ ૨૦૧૨માં સ્કોડા ઈન્ડિયા સાથે ટોર્ક ઓટોમોટીવનું જોડાણ સ્થાપિત કર્યું હોવાથી તેની સાથે અમે લાગણીથી જોડાયેલા છીએ. આજે આ લીજેન્ડ કારના પુનરાગમનથી અમને અત્યંત આનંદ થયો છે. ગુજરાતમાં ઓકટેવિઆના અનેક ચાહકો છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. ગ્રાહોક તરફથી અમને અસાધારણ પ્રતિભાવ મળ્યો છે. ગુજરાતમાં ટોર્ક ઓટોમોટીવને સ્કોડા કાર્સ માટે તીવ્ર માગ દેખાય છે. ટોર્ક ઓટોમોટીવ વર્ષ ૨૦૦૨થી સ્કોડાને સહયોગ કરી રહ્યું છે. નવી ઓકટેવિઆ ૧.૪ ટીએસઆઈ અમદાવાદમાં સ્કોડાના ઓથોરાઈઝડ ડિલર ટોર્ક ઓટોમોટીવ ડિલરશીપમાં રૂા. ૧૪,૨૬,૦૦૦ (એકસ શો રૂમ) ની કિંમત ઉપલબ્ધ છે.

શબ્દાવલી - ૫૨૨૬



આડી ચાવી

૧. અખતરો કરવો (૫)
૨. પરવા, ફિકર (૨)
૪. મડદુ ગાટી ઉપર કરેલ ચણતર (૩)
૫. વૃદ્ધાશ્રમ (૫)
૯. બતકને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૦. સિંહની ત્રાડ (૨)
૧૧. સરકી જાય તેવું (૪)
૧૩. રોવું, કુટવું (૫)
૧૫. કિનાર, ધાર (૨)
૧૬. ડાબી બાજુનો (૨)
૧૭. જરીક, સ્હેજ (૨)
૨૦. ખાવાની કોઈ વસ્તુ, મારૂં (૨)
૨૧. હાથીની સંભાળ કે તેની ઉપર અંકુશ રાખનાર (૪)
૨૨. બેસવા વપરાતુ કાપડ (૩)

ઊભી ચાવી

૧. અણસમજુ, જડ (૪)
૨. ઘોડે દોડે... અવાજ થાય (૪)
૩. માર-માર કર્યા કરે તેવું (૪)
૬. રણકવાનો અવાજ (૪)
૭. પ્રેત યોનીની સ્ત્રી (૩)
૮. એક દમ રસવાળુ, તરબોળ (૫)
૧૨. રેતીનું મેદાન (૨)
૧૪. વહેલા કે... બધાએ મરવાનું તો છે જે ! (૨)
૧૫. ખાનું, કોઠો વગેરેની ઊભી હાર (૨)
૧૭. અંધારૂં (૨)
૧૮. પુષ્પ, ફુલ (૩)
૧૯. યુક્તિ, મોકો (૨)

શબ્દાવલી ૫૨૨૫ના જવાબ

આડી ચાવી :- (૧) ઉધામો (૪) ધરપત (૮) પકવાન (૯) સરોજ (૧૦) ધાણા (૧૧) વધ (૧૪) રાગ (૧૫) ટમટમ (૧૭) તમા (૧૯) કાફલો (૨૧) ગાવ (૨૨) પાવરધા (૨૩) નવુ (૨૪) ઓસડ

ઊભી ચાવી :- (૧) ઉપરવટ (૨) ધાક (૩) મોવાળો (૫) રસધારા (૬) પરોણાગત (૭) તજ (૧૨) ધમકાવવું (૧૩) હુમલો (૧૬) ટફ (૧૮) મારધાડ (૨૦) ઘુવડ (૨૧) ગાન (૨૨) પાસ

સફાઈ અભિયાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મળતી વિગતો મુજબ કોર્પોરેશને હવે સેકટરોમાં જુદી જુદી સોસાયટીઓમાં કચરા પેટી દર્શાવતા સાઈન બોર્ડ મુકવાનો તેમજ તેની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રહે તે માટે પણ તાકીદ કરી છે. આ સાઈન બોર્ડ આગામી એક બે દિવસમાં બધે લાગી જશે તેમ મનાઈ રહ્યું છે. બીજી તરફ સત્તાવાળાઓએ આજે શહેરની સફાઈના મુદ્દે ફરજમાં લાપરવાહી માટે સેનેટરી સુપ્રિટેન્ડન્ટ સહિત ચાર સેનેટરી ઈન્સ્પેકટરોને કારણદર્શક નોટીસ ફટકારી છે અને એક સપ્તાહમાં ખુલાસો કરવા જણાવાયું છે.

મહાનગરપાલિકા દ્વારા હવે સફાઈના મુદ્દે સ્હેજ પણ ચૂક સાંખી લેવાના મૂડમાં નથી. બીજી તરફ મનપામાં સફાઈ અંગે ખાસ મોનીટરીંગ ટીમનું ગઠન કરવાની પણ વિચારણા હાથ ધરી છે. દરમિયાન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ પણ આજે શહેરના વિવિધ સેકટરોમાં ફરી અને ચાલી રહેલ સફાઈની કામગીરીની સમીક્ષા કરી હતી.

ટચૂકડી જાહેર ખબર

પ્લોટ અને ફ્લેટ વેચવાના છે

ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સે.૫સીમાં ફ્લેટ

સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧

સવારે : ૮ થી ૬

ફ્લેટ વેચવાનો છે

સે.૫સીમાં ૧૦૦ મીટરનો, ૩ બેડરૂમ, હોલ, કિચન વીથ ફર્નિચર. કિંમત : ૪૧ લાખ તથા ઘ-૬ કોર્નરે ૨૩૫ વારનો પ્લોટ.

સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧

સમય : સવારે ૮ થી ૬